પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૮) અંક નં. ૧૬૬ | ૨૫ ઓગસ્ટ, ૨૦૨૩, શુક્રવાર; બીજો શ્રાવણ સુદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# ૭ દેશો બ્રિક્સમાં ભળતાં હવે બ્રિક્સ-પ્લસ

**જોહનિસબર્ગમાં નરેન્દ્ર મોદી અને શી જિનપિંગે હાથ મિલાવ્યા : બ્રિક્સમાં જોડાનારા છ દેશોમાં આર્જેન્ટિના, ઇજિપ્ત, ઇથોપિયા, ઈરાન, સાઉદી અરેબિયા અને યુએઈ સામેલ, મોદીએ બ્રિક્સના વિસ્તરણને સારો નિર્ણય ગણાવ્યો**




જહોનિસબર્ગ, તા.૨૪

બ્રિક્સ સમિટ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ આજે જોહાનિસબર્ગમાં બ્રિક્સ સમિટમાં મળ્યા હતા. બંને નેતાઓએ હાથ મિલાવીને અભિવાદન કર્યું હતું. સમાચાર એજન્સી દ્વારા શેર કરવામાં આવેલા વીડિયોમાં પીએમ મોદી જ્યારે બ્રિક્સ નેતાઓની બ્રિફિંગમાં જઈ રહ્યા હતા ત્યારે ચીનના રાષ્ટ્રપતિ સાથે વાત કરતા જોવા મળ્યા હતા.

બુધવારે, વડા પ્રધાન અને જિનપિંગે પૂર્ણ સત્રમાં હાજરી આપી હતી, પરંતુ ફોટોગ્રાફ સેશન દરમિયાન તેઓ અલગ-અલગ ઊભા રહ્યા હતા. આ પહેલા વડાપ્રધાન મોદીએ બ્રિક્સના વિસ્તરણને સારો નિર્ણય ગણાવ્યો હતો. બ્રિક્સમાં છ નવા દેશો જોડાયા છે, જેમાં આર્જેન્ટિના, ઈજિપ્ત,ઈથોપિયા, ઈરાન, સાઉદી અરેબિયા અને સંયુક્ત આરબ અમીરાત (યુએઈ) સામેલ છે.

ભારતે હંમેશા બ્રિક્સના વિસ્તરણને સમર્થન આપ્યું છે. ભારત હંમેશા માને છે કે નવા સભ્યો ઉમેરવાથી બ્રિક્સ એક

● અનુસંધાન પાન-૭ પર

# હવામાંથી હવામાં પ્રહાર કરતી અસ્ત્ર મિસાઈલનું સફળ પરીક્ષણ

**સ્વદેશી બનાવટના હળવા લડાકૂ વિમાન : આશરે ૨૦,૦૦૦ ફૂટની ઊંચાઈએ વિમાન દ્વારા મિસાઈલનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું હતું**



ગોવા, તા.૨૪

દેશમાં જ નિર્મિત હળવા લડાકૂ વિમાન (એલસીએ) એલએસપી-૭ તેજસે બુધવારે ગોવાના કિનારેથી હવામાંથી હવામાં પ્રહાર કરતી અસ્ત્ર મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યું.

અધિકારીઓએ કહ્યું કે આશરે ૨૦,૦૦૦ ફૂટની ઊંચાઈએ વિમાન દ્વારા મિસાઈલનું સફળ પરીક્ષણ કરાયું હતું. ગોવાના દરિયા કિનારે સ્વદેશી બિયોન્ડ વિઝ્યુઅલ રેન્જ(બીવીઆર), હવામાંથી હવામાં જ પ્રહાર કરતી મિસાઈલ અસ્ત્રનું સફળ પરીક્ષણ કરાયું હતું.

પરીક્ષણ સંબંધિત તમામ ઉદ્દેશ્યો પૂરાં થયા હતા અને આ એક આદર્શ તથા સચોટ લોન્ચિંગ રહ્યું હતું.

આ વિમાનનું નિરીક્ષણ તેજસ ટ્વિન સીટર વિમાન દ્વારા કરાયું હતું. અસ્ત્ર એક અત્યાધુનિક બીવીઆર હવાથી હવામાં પ્રહાર કરતી મિસાઈલ છે જે અત્યાધિક કલાબાજીવાળા સુપરસોનિક હવાઈ લક્ષ્યોને ભેદવા અને નષ્ટ કરવામાં સક્ષમ છે.

આ મિસાઈલ ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ લેબોરેટરી (ડીઆરડીએલ), રિસર્ચ સેન્ટર ઈમારત (આરસીઆઈ) અને અન્ય પ્રયોગશાળાઓ દ્વારા ડિઝાઈન તથા વિકસિત કરાઈ છે. ડીઆરડીઓના ઘરેલુ તેજસ લડાકૂ વિમાનથી સ્વદેશી અસ્ત્ર બીવીઆર પરીક્ષણ આત્મનિર્ભર ભારતની દિશામાં એક મોટું પગલું છે.

# અમિત શાહ ૨૮મીએ ગુજરાતની મુલાકાતે

**ગાંધીનગર ખાતે વેસ્ટર્ન ઝોનલ કાઉન્સિલની બેઠકમાં હાજરી આપશે : આ બેઠકમાં ગુજરાત, મહારાષ્ટ્ર, ગોવા, દાદરા અને નગર હવેલીના ગૃહમંત્રીઓ તથા અધિકારીઓ પણ ઉપસ્થિત રહેશે : ચંદ્રયાન-૩ના સફળ લેન્ડિંગ બદલ કેમ્પ હનુમાન મંદિર ખાતે આરતીમાં ભાગ લેશે**

ગાંધીનગર, તા. ૨૪

કેન્દ્રિય ગૃહ અને સહકારીતા મંત્રી અમિત શાહ આગામી તા. ૨૮ ઓગષ્ટના દિવસે ગાંધીનગર ખાતે યોજાનારી વેસ્ટર્ન ઝોનલ કાઉન્સિલની બેઠકમાં હાજરી આપશે. આ ઉપરાંત ચંદ્રયાન-૩ના સફળ લેન્ડિંગ બદલ કેમ્પ હનુમાન મંદિર ખાતે યોજાનાર આરતીમાં પણ ભાગ લેશે.



ગાંધીનગર ખાતે ૨૮ ઓગષ્ટે વેસ્ટર્ન ઝોનલ કાઉન્સિલની બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. આ બેઠકના ઉદ્‌ઘાટન સત્રમાં કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહ હાજરી આપશે. આ બેઠકમાં ગુજરાત, મહારાષ્ટ્ર, ગોવા, દાદરા અને નગર હવેલીના ગૃહમંત્રીઓ તથા અધિકારીઓ પણ ઉપસ્થિત રહેશે. વેસ્ટર્ન ઝોનલ કાઉન્સિલની બેઠકમાં રાજ્યો વચ્ચેના પડતર મુદ્દાઓ અંગે પણ સમીક્ષા કરવામાં આવશે.

થોડા દિવસ પહેલા અત્રે એ નોંધવુ રસપ્રદ થઈ પડશે કે થોડા સમય પહેલા ગુજરાતની મુલાકાતે આવેલા અમિત શાહે અનેકવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ કર્યુ હતુ. ગાંધીનગર જિલ્લાના કાર્યકરોમાં ગૃહમંત્રીના આગમન પરત્વે ઉત્સાહની લાગણી પ્રવર્તે છે.




## અશ્રુભિની શ્રદ્ધાંજલિ

સમય જીંદગીનો ઓછો હશે,
ક્યાં ખબર હતી,
વિદાય તમારી અણધારી હશે, ક્યાં ખબર હતી,
સર્વત્ર સુવાસ ફેલાવી, સંભારણા સૌના
દિલમાં રાખી ગયા.
ઈશ્વર આપના દિવ્ય આત્માને
શાંતિ અર્પે એજ પ્રાર્થના....

**સ્વ.રાજ પ્રવિણભાઈ ચૌધરી (ગામ-બોરીયાવી)**

**સ્વ.તા.૨૦-૦૮-૨૦૨૩**

વિપુલભાઈ પટેલ (ઉનાવા, ગાંધીનગર)
રશ્મીન પરીખ (પપ્પુભાઈ)(અમદાવાદ)
યોગેન્દ્રસિંહ વાઘેલા (જગભા)(કોલવડા)
ભાવેશ ભાવસાર (ગાંધીનગર)
અશ્વીનભાઈ પટેલ (અમદાવાદ)
નેવીલ દેસાઈ (નવસારી)
અમોલ જાદવ (મહારાષ્ટ્ર)
મહેશભાઈ પરમાર (અમદાવાદ)
મુકેશભાઈ પટણી (અમદાવાદ)
અશ્વીન ચૌધરી (રામપુરા)(સુરત)
ગોપાલ ચૌધરી (બોરીયાવી)(વ્યારા)
જીગરસિંહ રાઠોડ (અમદાવાદ)
નયન જોષી (અમદાવાદ)
નિશિત પટેલ (અમદાવાદ)

**રાજદીપ ગ્રુપ સ્ટાફ મિત્રો**